# નિર્વિકલ્પ : સંવાદ માટેની ઝંખના | સંધ્યા ભટ્ટ

**[નિર્વિકલ્પ** : લે. ભગવતીકુમાર શર્મા, પ્ર. સાહિત્યસંગમ, બાવાસીદી, ગોપીપુરા, સુરત, પ્ર.આ. ૨૦૦૬, પૃ. ૩૦૨, કિં. રૂ. ૨૫૦/-]

પોતાના આયુષ્યના આઠમા દાયકામાં લખાયેલી 'નિર્વિકલ્પ' નવલકથા શ્રી ભગવતીકુમાર શર્માના અત્યાર સુધીના સર્જન અને તેની સમાંતરે ચાલતા રહેલા પત્રકારત્વના પરિણામરૂપ સંવેદનોની સમન્વયકથા છે. નિવેદનમાં તેઓ કહે છે તેમ તે છતાં 'નવલકથાના એક વિષયવસ્તુની અતિ પાતળી સેર રસળ્યા કરતી હતી.' સમસામયિક દષ્ટિકોણથી જોઈએ તો એ જ સમય દરમિયાન સાંપ્રદાયિક વિખવાદનો વંટોળ પણ વાતો સૌએ અનુભવ્યો. ભગવતીકુમાર શર્મા જેવા સર્જકની સંવેદનામાં આ બધું કઈ રીતે ઝિલાયું, તેનો આલેખ આ નવલકથામાં જોવા મળે છે.

શું 'નિર્વિકલ્પ' એ એક સમન્વયવાદી સર્જકની મનોદશાને જ માત્ર આલેખે છે ? ના. 'નિર્વિકલ્પ' શીર્ષક પોતે જ નિર્દેશે છે, તે પ્રમાણે આ નવલકથા માણસજાતની મૂળભૂત દશા પરત્વે ઇંગિત કરે છે, બલ્કે નવલકથાનાયક આમાંથી ઉપર ઊઠવાનો પ્રયત્ન પણ કરે છે. નવલકથાનું વિષયવસ્તુ માત્ર સાંપ્રદાયિક વિસંવાદિતા નથી, પણ માણસમાત્રની પરતંત્રતા અને તે નિમિત્તે ભોગવવી પડતી લાચારી પણ છે. ભારતીયતા વિરુદ્ધ પરદેશી જીવનશૈલી, વ્યક્તિસ્વાતંત્ર્ય વિરુદ્ધ સમૂહની મરજી, બે પેઢી વચ્ચેનો વિચારભેદ એ મુદ્દા પણ આમેજ થયા છે. નવલકથાના હાર્દને પ્રગટ કરતાં કેટલાંક વિધાનો જુદા જુદા પાત્રના મુખે મુકાયાં છે. જેમ કે, ''જુઓ વિભા, આત્માના હોવા – ન હોવા વિશે કાંઈ પણ કહેવાને હું અધિકારી નથી, પણ મને એટલું લાગે છે કે, માણસના આત્મા જેવું કાંઈ હોય તો તે તેની સ્મૃતિ, વિચારશક્તિ અને સંવેદનાઓ છે.'' (પૃ. ૪૭)

''માણસમાત્ર પરતંત્ર છે, સ્વતંત્રતાની સંજ્ઞા ભ્રામક છે. .... (પૃ. ૪૯)

''હું પ્રયાગ છું, પણ ભ્રમર નથી. મને તો માત્ર મન અને હૃદયના મેળની તરસ છે.'' (પૃ. ૫૦)

''દીકરા, સંઘર્ષ આ વિશ્વની સંરચનાની ઋતુ છે. માણસ સંઘર્ષશીલ પ્રાણી છે. હિતસંઘર્ષો અનન્ત છે. અહમ્, મમત, પૂર્વગ્રહો વગેરેમાંથી સંઘર્ષો જન્મતા રહે છે. મહાયુદ્ધોથી હુલ્લડો સુધી તેનું પ્રવર્તન છે. આ બધું ટળે તો જ હુલ્લડો ન થાય.' (પૃ. ૭૦)

''.... પ્રેમનો છોડ ઝુરાપાના જળસિંચનથી જ ચિરપલ્લવિત રહી શકે છે.'' (પૃ. ૮૩)

''અમારું તત્ત્વજ્ઞાન જુદું છે. વસુધૈવ કુટુમ્બકમ્ ભવત્યેક વિશ્વનીડમ્, અમારા આનન્દ અને આંસુ બધું સહિયારું હોય છે. અંગતતામાં ખલેલ પડવાની અમે ભારતીય લોકો બહુ ચિંતા કરતા નથી.'' (પૃ. ૯૨)

સર્વજ્ઞના કથનકેન્દ્રથી લખાયેલી આ નવલકથાની શરૂઆત થાય છે, વિભા પારેખના ફોનથી. નવલકથાના કેન્દ્રવર્તી પાત્ર પ્રયાગ મહેતા કે જે પત્રકાર છે તેમની જૂની અંતરંગ મિત્ર વિભા પારેખ અમેરિકામાં અધ્યાપિકા તરીકે મોટો સમય ગાળીને હવે ભારત આવ્યાં હોય છે. સંવેદનશીલ કલાકારજીવ પ્રયાગ મહેતાના શાંત જીવનમાં આ ફોન આવ્યા પછી વમળો સર્જાય છે. હજી એકાદ મહિના પહેલાં મૃત્યુ પામેલી પત્ની તરલા કે જેણે પરંપરાગત ગૃહિણી તરીકે પ્રયાગ મહેતાને સાથ આપ્યો હોય છે તેનો ખાલીપો પ્રયાગ મહેતા રોજબરોજના જીવનમાં અનુભવતા હોય છે. પુત્રવધૂ મીતાના આધિપત્ય અને પુત્ર અશેષની ઉદાસીનતા વચ્ચે ઘેરાયેલા પ્રયાગ મહેતાને માટે પૌત્ર પ્રતીકનો સાથ પવનલહરી સમાન છે. પુત્રી અનુ પિતાની પ્રેમાળ દીકરી બની રહે છે, પણ જમાઈ વિક્રાન્ત પ્રયાગ મહેતાની વિરુદ્ધ ઉપદ્રવી સ્વભાવ ધરાવે છે.

આ જંજાળમાં કવિજીવ, સંગીતપ્રેમી, ઉન્મુક્ત વિચારોના સમર્થક, નવી પેઢીને સમજનાર, વિચારશીલ અને બુદ્ધિજીવી સંગિનીને ઝંખનાર પ્રયાગ મહેતાને વિભા પારેખના વાવડ મળે છે કે, જેની સાથે એક વખત વિચારો અને લાગણીઓનો મેળ હતો, જેના બાહ્ય-આંતરિક સૌંદર્યના તેઓ ચાહક હતા, જેની સાથે ખટમધુરી ક્ષણો વિતાવી હતી, જેની એક વખત જીવનસાથી તરીકે ઇચ્છા કરી હતી અને જેને માટેનો ઝુરાપો તેમને સાલતો હતો. આખી ય નવલકથામાં એક તરફ પ્રયાગ અને વિભાના પુનર્મિલનની ક્ષણોનું શ્વેતસૌંદર્ય ઝળકે છે, તો બીજી બાજુ હિન્દુ-મુસ્લિમ વૈમનસ્યના શ્યામ પડછાયાઓ દેખાય છે. અને આ ગંગા-યમુના જેવી ધારાઓની વચ્ચે પ્રતીક-નીલુના શુદ્ધ પ્રેમ અમી સરસ્વતીનું વહેણ એક સુભગ સંગમની પ્રતીતિ કરાવે છે. પણ આ ત્રિવેણીનું મૂળ છે, નવલકથાકારની તાત્ત્વિક પીઠિકા, તેનો અણસાર નવલકથામાં ઘણી જગ્યાએ જોવા મળે છે. નવલકથાના અંતભાગે દુશ્મનના ટોળાઓથી પ્રયાગ અને વિભા ઘેરાઈ જાય છે અને મૃત્યુ બિલકુલ નજીક જણાય છે ત્યારે પણ આ મૂલ્યનિષ્ઠ અને જીવનસૌંદર્યને પ્રમાણી શકનાર પ્રયાગ વિભાને કહે છે, ''.... પણ મોત ખરેખર આવે તે પહેલાં જ મરી જવામાં માણસ તરીકેની શી વશેકાઈ ? છેલ્લી પળ સુધી વૈચારિક સ્તરેય ઝૂઝવું જ રહ્યું. અનિષ્ટ સામે શરણાગતિ એ જ મૃત્યુ.''

આ નવલકથામાં ભગવતીકુમાર શર્મા તેમની બીજી નવલકથાઓથી સભાનતાપૂર્વક ઊફરા ચાલ્યા છે. સાંપ્રત સમાજમાં જોવા મળતાં પરસ્પર વિરુદ્ધ પાસાંઓને પાસે પાસે મૂકીને બતાવવામાં તેઓ સફળ નીવડ્યા છે. એક તરફ પ્રયાગ મહેતા અને વિભા પારેખનો નિર્મળ પ્રેમ છે, તો બીજી બાજુ વિક્રાન્ત-મીતા જેવાં પાત્રોની વિષવેલ પણ છે; એક તરફ સુકુમાર લાગણીઓની ભાવપ્રવણ અભિવ્યક્તિ છે, તો બીજી બાજુ ધીંગી દુશ્મનાવટની કઠોરતા છે; એક તરફ નગાધિરાજ હિમાલયનું શ્વેત-શીત સૌંદર્ય છે, તો બીજી બાજુ શહેરની ગલીઓની ગંદકી અને ગીચતા છે; શહનાઈની સુરાવલિઓનો સંગીતમય નિનાદની સંગે જ શસ્ત્રધારીઓ દ્વારા થતી ખૂંખાર લડાઈ – આમ બે અંતિમો પર વ્યક્ત થતી અનુભૂતિઓનું નવલકથા સ્વરૂપે બયાન એ નવલકથાકાર વિશેષ અહીં પ્રગટ થાય છે.

આ નવલકથામાં કેટલીક રહસ્યોદ્ઘાટનની ક્ષણો પણ છે જ. જેમકે, પ્રતીકની મિત્ર 'નીલુ' કે જેની સાથે તે લગ્ન કરવાનો છે, એ 'નીલોફર' મુસ્લિમ છે એ ઘટસ્ફોટ આવી જ કોઈ ક્ષણે થાય છે. સિલ્વીયા જેવા વિદેશી પાત્રના ઉમેરણથી વિષયવસ્તુ સંદર્ભે નવાં પરિમાણો સિદ્ધ કરી શકાયાં છે. 'બિનસાંપ્રદાયિકતા અને ધર્મનિરપેક્ષતા' અંગેનો પરિસંવાદ તથા પ્રયાગનું વિભા અને સિલ્વીયા સાથે હિમાલયના પ્રવાસે જવું – આ ઘટનાઓને નવલકથાની પરાકાષ્ઠારૂપ ક્ષણો ગણી શકાય. ઘટનાઓના અનુક્રમ પછી એક તબક્કે પ્રયાગ ઘર છોડી વિભા પાસે કાયમ માટે જાય છે અને પ્રતીક-નીલુ લગ્ન કરવા માટે ઘર છોડે છે – આ ઘટનાઓને Catastrophe ગણી શકાય. આ ઘટનાઓના આલેખન સમયે સર્જક ભગવતીભાઈ કરતાં વિચારક અને ક્રાંતિની ઝંખના કરતા ભગવતીભાઈ આગળ નીકળી જતા હોય એમ લાગે છે. પોતાની સાંવેદનિક

સત્યતાનું પ્રતીતિસભર આલેખન તેમણે અંતભાગે કર્યું છે. અંતિમવાદી ટોળાંઓની માર-કાપ અને કોલાહલ વચ્ચે બંને પેઢીના પ્રતિનિધિરૂપ પાત્રો બે જુદી જુદી જગ્યાએ ઘેરાયાં છે. જેનું વિગતપ્રચુર વર્ણન નવલકથાકારની ફ્રેઈમમાં ઝિલાયું છે, જે નવલકથાનો અંત છે.

નવલકથાની ભાષાશૈલી સંદર્ભે પત્રકાર ભગવતીભાઈ અહીં સર્જક ભગવતીભાઈની સતત મદદે રહ્યા છે. આત્મકથનાત્મક પાત્ર પ્રયાગ મહેતાની ચર્ચા-વિચારણાઓ ઉપરાંત ક્યાંક ક્યાંક તો તેમણે અલંકારો પણ આ જ ક્ષેત્રની પરિભાષાના પ્રયોજ્યા છે. જેમકે, 'આજે મારી સ્થિતિ ઇન્દિરા ગાંધીનું કટોકટીરાજ ઊઠી ગયા પછીના ભારત જેવી છે !' (પૃ. ૧૦૨)

જુદા જુદા પાત્રના મુખે તેમને અનુરૂપ સંવાદો મુકાયા હોવા છતાં સિલ્વીયાના સંવાદો વાંચીએ, ત્યારે ભગવતીભાઈનો સર્જકલેખે ત્યાં પ્રવેશ થઈ ગયો હોય એમ લાગે. બીજા શબ્દોમાં, કેટલીક જગ્યાએ પાત્રોની જગ્યાએ નવલકથાકાર પોતે બોલતા હોય એવું અનુભવાય. ક્યારેક નીલુના પાત્ર બાબતે પણ આવું લાગે. છતાં નોંધવું જોઈએ કે, બિનસાંપ્રદાયિકતા અંગેના પોતાના કથયિતવ્યને ઉપકારક બધી જ વિગતો અહીં સાંકળી લેવાઈ છે. મન્ટોની 'ખોલ દો !' વાર્તા હોય કે, સંગીતના રાગોનું રસસભર વર્ણન હોય – ભગવતીભાઈએ પોતાના સમાજદર્શન, રાષ્ટ્રદર્શન અને સંસ્કૃતિદર્શનને પૂરી પ્રામાણિકતાથી આલેખ્યું છે.